શિક્ષણ વિભાગના તા.: ૨૬/૦૬/૨૦૧૫ નાં પરિપત્ર ક્રમાંક : પરચ/૨૦૧૫/૮૪/ખ-૧ સાથેનું પરિશિષ્ટ

**કોલેજ / સંસ્થાનું નામ :-**_______________________________________________

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | રીમાર્કસ | યુનિવર્સીટી/એલ.આઈ.સી. નો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | જે વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવાની દરખાસ્ત છે, તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા/વિષયની નવી કોલેજ શરૂ કરવાની જરૂરિયાત છે, તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા આપવી. | | |
| ૨ | કોલેજ સંયુક્ત શિક્ષણથી શરૂ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરુ કરવાની છે? તે જણાવવું. | | |
| ૩ | તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામા કેટલા વિદ્યાર્થીઓ બેસે છે? સરેરાશ પરિણામ કેટલું આવે છે? તે દર્શાવીને આ માટે જે તે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૪ | સંચાલન કરનારી સંસ્થા/ટ્રસ્ટની સંપૂર્ણ વિગતો આપવી તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવહાલાનું પ્રમાણ કેટલું છે? તે અંગે લેખિત પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૬ | મુલાકાતની તારીખે ટ્રસ્ટ/સંસ્થા પાસે મિલકતો, અસ્કયામતો વગેરેની વિગતો (૭/૧૨ નાં ઉતારા, મકાન બાંધકામ પ્રમાણપત્ર, પ્લાન, નકશાની વિગતો આધાર સાથે) આપવી. | | |
| ૭ | ટ્રસ્ટ/સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની વિગતો આપવી. | | |
| ૮ | હાલના અને ભવિષ્યના વિકાસને અનુરૂપ કોલેજ બિલ્ડીંગ છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૯ | એકેડેમિક બિલ્ડીંગમાં સગવડતાઓ-સેમીનાર રૂમ, વ્યાખ્યાન રૂમો, લેબોરેટરી તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરિયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૦ | કેન્દ્ર/રાજ્ય સરકાર/પીડબલ્યુડી/મ્યુનિસિપાલિટી/ગ્રામ પંચાયતના પાણી, વીજળી, હવાઉજાસ, ટોયલેટ, ગટરલાઈન અંગેના પ્રમાણપત્રો સહીત બી.યુ. પ્રમાણપત્ર સામેલ રાખવા. | | |
| ૧૧ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત એફ.ડી.આર. હોય તેની આધાર સહીત વિગતો આપવી. | | |
| ૧૨ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત બેંક બેલેન્સ છે કે કેમ? જો હા, તો આધાર-પુરાવાની પ્રમાણિત નકલ આપવી. | | |
| ૧૩ | શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી, | | |

| | | | |
|---|---|---|---|
| | જે નિયમાનુસાર અધ્યયન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પુરતો છે કે કેમ? તે જણાવવું. | | |
| ૧૪ | (અ) વિદ્યાર્થીઓનાં છાત્રાલય માટે આયોજન હોય તો તે હવાઉજાસ ધરાવતું મકાન છે? અને બાથરૂમ/ટોયલેટ, કપડા ધોવા, મહેમાનોના રહેવા/જમવા અંગેની પુરતી વ્યવસ્થાઓ છે કે કેમ? તે લેખિતમાં આધાર સહ મેળવવું. (બ) જે વિદ્યાર્થીઓ ભાડાના મકાન અથવા સંસ્થાના છાત્રાલયમાં નિવાસ કરતા હોય, તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે? તેની વિગતો આપવી. | | |
| ૧૫ | ગ્રંથાલય માટેની સગવડો શી છે? તેમાં પુસ્તકો/જર્નલ્સની સંખ્યા જણાવવી, તેમ જ આદિજાતી/અનુસુચિત જાતી/આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટેની બુક બેંક યોજના છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૬ | લેબોરેટરી મકાન, સાધનો, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એ.સી., ઇન્ટરનેટ વગેરેની સગવડો શરૂ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૭ | રમત-ગમતના મેદાનની વિગતો આપવી. | | |
| ૧૮ | વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરિયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૯ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૨૦ | સરકારશ્રીનાં નિયમ અનુસાર અનામત રાખવાના ફંડ, રોજબરોજના ખર્ચાની જોગવાઈઓ અંગેની બાહેંધરીઓ સામેલ રાખવી. | | |
| ૨૧ | યુનિવર્સીટી/વૈધાનિક સત્તામંડળો/સરકારશ્રીનાં સર્વિસ રૂલ્સ અને પગાર, સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી, પ્રવેશ તેમજ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો/રેકર્ડ/હિસાબો રાખવા તેમજ ઓલ ઇન્ડીયા સર્વે ઓન હાયર એજ્યુકેશન અંગેની અધિકૃત વેબસાઈટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેના નીતિ-નિયમોના પાલન કરવાની બાહેંધરીઓ આપવી. | | |
| ૨૨ | સંસ્થા/ટ્રસ્ટ છેલ્લા બે વર્ષના ઓડીટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી. | | |
| ૨૩ | ટ્રસ્ટ/સંસ્થા વિરુદ્ધ ન્યાયની અદાલતમાં કોઈ કેસ પડતર હોય અથવા વિરુદ્ધ ચુકાદો આવેલ હોય તો, તે અંગેની વિગતો આપવી. | | |
| ૨૪ | અભ્યાસક્રમો શરૂ કરતા પૂર્વે જે તે વૈધાનિક સત્તામંડળોની પૂર્વ અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ? અને જો હા તો તે મેળવવામાં આવી છે કે કેમ? તે આધાર સહીત જણાવવું. | | |
| ૨૫ | (અ) યુનિવર્સીટી/રાજ્ય સરકાર/વૈધાનિક સત્તામંડળ દ્વારા | | |

| | | | |
|---|---|---|---|
| | મુકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા/ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ? જો નાં તો, હવે પછી કેટલી સમયમર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે.<br>(બ) વધુમાં, યુનિવર્સીટી દ્વારા અગાઉ નીમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો/ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ, તેમાંથી હવે કોઈ શરતો/ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે? અને આ ખામીઓ દુર કરવા અંગે સંસ્થા/કોલેજ દ્વારા શા સુધારાત્મક પગલા લેવાય છે, તેની વિગતો આપવી. | | |

**કોલેજના આચાર્યશ્રીનો સહી અને સિક્કો** **સ્થાનિક તપાસ સમિતિના સભ્યોની સહી;** **(યુનિવર્સીટી રજીસ્ટ્રારનાં સહી-સિક્કા**

**અને યુનિવર્સીટીનું સીલ)**

**નોંધ : નીચે દર્શાવેલ કોષ્ટકમાં સ્થાનિક તપાસ સમિતિના સભ્યશ્રીઓના નામ અને સહી કરાવવાની રહેશે.**

| ક્રમ | નામ | સહી |
|---|---|---|
| (૧) | | |
| (૨) | | |
| (૩) | | |
| (૪) | | |